# શાળાઓમાં ફાયર સેફટીના પરિબળોની ચકાસણી થશે

**વિજ્ઞાન તેમજ કોમ્પ્યુટરની લેબમાં પણ અગ્નિશામક સાધનો રાખવા પડશે : ખુલ્લા અને જોખમી વાયરોને યોગ્ય રીતે ફીટ કરવા માટે પણ સુચના**

ગાંધીનગર તા ૩૦

કડી સંકુલની શાળામાં ગઈકાલે આગ લાગવાના બનાવથી નાસભાગ મચી હતી. જો કે આ બનાવ દરમિયાન સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. ત્યારે અન્ય શાળાઓમાં પણ આ પ્રકારની ઘટના ન બને તે માટે તંત્ર સફાળુ જાગ્યુ છે. શાળામાં ખુલ્લા વીજ વાયરોનુ ફીટીંગ કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. જયારે આ મામલે આકસ્મિક ચેકીંગ પણ આગામી સપ્તાહ દરમિયાન શરૂ કરવામાં આવશે. શાળામાં ફાયર સેફટીના સાધનોની યોગ્યતા ચકાસવા સહીતના મુદ્દે કસુરવાર શાળાઓને નોટીસ આપી નિયમ મુજબ કાર્યવાહી પણ કરવામાં આવશે.

**કસુરવાર શાળાઓ સામે કડક કાર્યવાહી થશે : ડી ઇ ઓ**

દિલ્હીની ઘટના બાદ સ્કુલ સેફટી સપ્તાહની ઉજવણીની સાથે સલામતીનો મુદ્દો પણ આટોપી લેવાયો હોય તેવી સ્થિતિ છે. ત્યારે ગાંધીનગરની કડી સંકુલની શાળામાં આગ લાગવાના બનાવ બાદ શિક્ષણતંત્ર પણ સફાળુ જાગ્યુ છે. જયારે આ ઘટના બાદ શિક્ષણતંત્રએ ખુલ્લા વિજવાયરો યોગ્ય રીતે ફીટ કરવા માટે શાળાઓને સુચના આપી છે. આ ઉપરાંત શાળામાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાનની લેબ હોય તેવા ઠેકામે અગ્નિશામક સાધનો રાખવા માટે પણ સુચના આપી છે.

● અનુસંધાન પાન-૭ પર


# રાજયમાં ઠંડી વધી

**નલિયામાં પારો ગગડી ૧૩ થયો : ગરમ વસ્ત્રોના બજારમાં તેજી જામી : ફિટનેસ પ્રત્યે લોકો વધુ જાગૃત બન્યા**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં ગાંધીનગર, અમદાવાદ, નલિયા સહિતના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થયો છે. આજે નલિયામાં પારો ગગડીને ૧૩ સુધી પહોંચી ગયો હતો. જેથી તીવ્ર ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદમાં પણ પારો વધુ ગગડીને ૧૫.૯ સુધી થઈ ગયો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે આ સ્થિતિ અકબંધ રહી શકે છે. અમદાવાદમાં પારો આવતીકાલે વધુ ઘટે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ હવે ઠંડીનો અનુભવ થવા લાગી ગયો છે. વિશેષ કરીને સવારમાં વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. વાદળ હોવાના કારણે ઠંડુ વાતાવરણ જોવા મળે છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. વહેલી સવારમાં લોકો ફિટનેસને જાળવવા માટે પણ વધુ સાવધાન બન્યા છે અને ટાઈમ ટેબલ બનાવી રહ્યા છે. ઠંડીની શરૂઆત થતા ફિટનેસ જાળવવા માટેનો આ સર્વશ્રેષ્ઠ ગાળો હોવાથી જરૂરી નિષ્ણાતોની મદદ લેવાઈ રહી છે. ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. લઘુતમ અને મહત્તમ તાપમાનમાં હાલ ફેરફાર નહીં થાય તેમ માનવામાં આવે છે.


**બેસણું**



પૂજનીય પિતાશ્રી

**ભાઈશંકર વ્રજલાલ જસપરા**

તા.૨૬-૧૧-૨૦૧૮ને બુધવારના રોજ દેલોક પામેલ છે.

સદ્‌ગતનું બેસણું તા.૦૨-૧૨-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે

સ્થળઃ- શ્રી ઉમીયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, સિવિલ હોસ્પિટલ મેડિકલ સ્ટુડન્ટ હોસ્ટેલની બાજુમાં, ગાંધીનગર

મનીષ બી. જસપરા, રશ્મિ મનીષ જસપરા — લિ. — ડો.કલ્પેશ બી. જસપરા, ડો.કાનન કલ્પેશ જસપરા

સમસ્ત જસપરા પરિવાર

**દશા સોરઠીયા વણિક બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી હરિલાલ કપૂરચંદ ધોળકિયા તા. ૩૦-૧૧-૨૦૧૮ને શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧-૧૨-૨૦૧૮ને શનિવારના રોજ સાંજના ૪:૩૦ થી ૬:૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ પ્લોટ નં.-૩૩૬/૨, ઈશ્વરકૃપા સોસાયટી, સેકટર-૨૨, ઘ-૫ પાસે, ગાંધીનગર-૨૨

સ્વ. કમળાબેન હરિલાલ ધોળકીયા (ધર્મપત્ની)

મુકેશ હરિલાલ ધોળકિયા, યોગેશ હરિલાલ ધોળકિયા, દિગંત હરિલાલ ધોળકિયા, ભરતકુમાર કેશવલાલ માંડવિયા, અમિત અતુલભાઈ ધીયા

લી.

હર્ષા મુકેશ ધોળકિયા, જ્યોતિ યોગેશ ધોળકિયા, હેમા દિગંત ધોળકિયા, નીતા ભરતકુમાર માંડવિયા, જૈના અમિત ધીયા

તથા ધોળકિયા પરિવાર

**GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY**
Department of Science and Technology, Govt. of Gujarat
Block B, 7th Floor, M.S. Building, Sector-11, Gandhinagar-382011.
Ph.: 079-23259362 • Fax: 079-23259363 • Web: www.gujcost.gujarat.gov.in;
Email: info-gujcost@gujarat.gov.in, adv-gujcost@gujarat.gov.in

**SHORT TENDER NOTICE FOR EXHIBITION DESIGN AND EVENT MANAGEMENT FOR DST PAVILION.**

Gujarat Council on Science and Technology (GUJCOST) is coordinating the DST Gujarat Pavilion at the 106th Indian Science Congress - Pride of India Expo at Lovely Professional University, Phagwara, Punjab, during 03-07th January 2019. GUJCOST is inviting sealed tender from professional agencies to design and development exhibition with illustrative panels and display materials for the above programme.

Interested agencies having work experience are requested to collect tender document from GUJCOST office during working hours on a payment of Rs. 1500/- as tender fee or can downloaded from GUJCOST site (www.gujcost.gujarat.gov.in) and submit the same with an EMD of Rs. 12,000/- in favour of Member Secretary, Gujarat Council on Science & Technology. Last date of the complete Tender document submission is **07/12/2018** at **16:00 hrs.** GUJCOST reserves the right to accept/reject tender without assigning any reasons whatsoever. Other terms and conditions are mentioned in the tender document.

Date : 30th November 2018 — Advisor & Member Secretary, GUJCOST

Investing in Science: Investing in the Future !

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




શિયાળાની સાંજ - શહેરમાં શિયાળાની સાંજ ધુમ્મસભરી બનતી જાય છે... સાંજે ૫ થી ૬ દરમિયાન તો વાહનચાલકોને ખાસ્સી એવી હાલાકી પડે છે... ૬ વાગ્યા બાદ સ્ટ્રીટ લાઈટ ચાલુ થતાં નજીવી રાહત અનુભવાય છે... પરંતુ ધુમ્મસ વધુ ને વધુ ઘેરાતું જાય છે... શિયાળાની શરૂઆત જ ધમાકેદાર બની રહી છે... હવામાન શાસ્ત્રીઓ અને હવામાન વિભાગની આગાહી છે કે, ૩જી થી ૧૦મી ડિસેમ્બર ભારે ઠંડીનું મોજુ આવશે...

# જિલ્લામાં ૫૩ ટકાથી વધુ બાળકો આયુના પ્રમાણમાં ઊંચાઈ ધરાવતા નથી

**૩૧ હજારથી વધુ બાળકો આયુના પ્રમાણમાં ઓછુ અને અતિ ઓછુ વજન ધરાવતા મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૫૩ ટકાથી વધુ બાળકો ઉંમરના પ્રમાણમાં ઊંચાઈ ધરાવતા ન હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે.

જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનના ચોથા તબક્કાને અંતે આ વખતે પણ આ તારણ બહાર આવતાં જિલ્લા આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧,૪૮,૦૨૧ બાળકોની તપાસ આ અભિયાન હેઠળ સંપન્ન થઈ જવા પામી છે. જે પૈકી ૮૨૦૫૨ બાળકો ઉંમરના પ્રમાણમાં ઊંચાઈ ધરાવતા નથી અને ઠીંગણા જોવા મળી રહ્યાં છે. આવા બાળકો કલોલમાં ૨૬,૭૦૭ છે. તો દહેગામમાં ૨૧,૬૧૩ છે. ગાંધીનગરમાં ૨૦,૫૬૧ છે અને માણસામાં ૧૩,૧૭૧ બાળકો છે.

૦ થી ૫ વર્ષની વયના બાળકોની ચકાસણી આ અભિયાનમાં કરવામાં આવી રહી છે. જિલ્લામાં આ આયુ વર્ગમાં ૧,૫૪,૪૫૨ બાળકો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઉંમરના પ્રમાણમાં બાળકો પણ ઓછુ વજન ધરાવતા બાળકોની સંખ્યા એ પણ તંત્રને ચોંકાવી દીધુ છે. આવા બાળકોની સંખ્યા પણ ૩૧,૮૪૧ જેટલી છે.

ઉંમરના પ્રમાણમાં અતિ ઓછુ વજન ધરાવતા બાળકોની સંખ્યા ૧૫,૫૪૪ છે. જેમાં દહેગામમાં ૬૩૩૬ બાળકો, કલોલમાં ૫૬૭૩, ગાંધીનગરમાં ૨૭૫૭ અને માણસામાં ૭૭૮ બાળકો છે.

એ જ રીતે ઉંમરના પ્રમાણમાં પણ વજન ઓછુ ધરાવતા બાળકોની સંખ્યા ૧૬,૨૯૭ છે. જેમાં કલોલમાં ૭૧૩૯, દહેગામમાં ૩૬૯૯, ગાંધીનગરમાં ૩૬૨૫ અને માણસામાં ૧૮૩૪ બાળકો છે.

રાજયમાં આયુ કરતાં ઓછી ઊંચાઈ ધરાવતા બાળકોની ટકાવારી કરતાં પણ વધુ બાળકો ગાંધીનગમરાં મળી આવ્યા છે એટલુ જ નહિ આયુના પ્રમાણમાં પણ ઓછુ અને અતિ ઓછુ વજન ધરાવતા બાળકોની સંખ્યા પણ ચિંતાજનક લેખી શકાય તેવુ આરોગ્યતંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



રસ્સા ખેંચ - રસ્સા ખેંચ ખુબ જ રોમાંચક રમત છે... શક્તિ પારખવાની અને તે પણ સમુહમાં... દરેક પોતપોતાની શક્તિને સમુહમાં જોતરીને પોતાની ટીમ તરફનો લગાવ અભિવ્યક્ત કરવાની અનોખી રમત એટલે રસ્સા ખેંચ.... ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલ બીએસએફ કેમ્પ ખાતે રમતોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ખેલાડીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ગુજરાતના નકશામાંથી સાત જિલ્લા ગાયબ થતાં હોબાળો

**પાઠયપુસ્તક મંડળમાં ફરી ગંભીર છબરડો : છબરડો સપાટીએ આવતા શિક્ષણમંત્રી ચુડાસમાની અંતે સમગ્ર મામલાની તપાસ તેમજ પગલા લેવાની હૈયાધારણ**

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના પાઠ્ય પુસ્તક મંડળની બેદરકારી ફરી એકવાર સામે આવી છે. ગુજરાતના નકશામાંથી ૭ જિલ્લા ગાયબ કરી દેવાયા છે. ધોરણ-૬ના સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં વિદ્યાર્થીઓને મોડા મળેલા આ પુસ્તકમાં છબરડો સામે આવ્યો છે. બોટાદ, અરવલ્લી, છોટાઉદેપુર, મહિસાગર જિલ્લાનો સીમાકંન

● અનુસંધાન પાન-૭ પર


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# ચ-૦ થી વૈષ્ણોદેવી માર્ગ પર સફેદ અને પીળા રંગના ફુલો ખિલશે

**વાઈબ્રન્ટને અનુલક્ષી સેન્ટ્રલ વર્જમાં પ્લાન્ટેશન કરાશે**

ગાંધીનગર તા ૩૦

ચ-૦ થી વૈષ્ણોદેવી માર્ગ પરના જંકશનને વાઈબ્રન્ટ દરમિયાન વિશેષ રીતે નિખારવા માટે તંત્ર દ્વારા આયોજન કરી દેવાયુ છે. જેમાં આ રૂટમાં સ્થિત સેન્ટ્રલ વર્જમાં લીલી અને વડાલીયા વેલના રોપાઓની વાવણી કરવામાં આવશે . આ રૂટમાં સફેદ અને પીળા રંગના ફુલો નિખરશે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટિને અનુલક્ષી તંત્ર દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના માર્ગોની સુધારણા તેમજ રંગરોગાન તેમજ રોશનીથી માંડીને બ્યુટીફીકેશનને લગતી કામગીરીનુ પણ આયોજન કરી દેવાયુ છે. જયારે શહેર ઉપરાંત મહાનુભાવોની અવરજવર થવાની હોય તેવા ગાંધીનગર અમદાવાદ વચ્ચેના અમુક ભાગમાં પણ બ્યુટીફીકેશન તેમજ પ્લાન્ટેશન માટે વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. ચ-૦ થી ઈન્દિરાબ્રીજ વચ્ચેના માર્ગ પર આસપાસની ગ્રીલને પણ કલરકામ તેમજ રીપેરીંગ કરવા માટે આયોજન કરાયુ છે. જયારે મહાનુભાવોની અવરજવર સાથે જોડાયેલા ચ-૦ થી વૈષ્ણોદેવી સર્કલ સુધીના રૂટમાં પણ વિશેષ તકેદારી રાખી બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરાશે. આ રૂટમાં સેન્ટ્રલ વર્જમાં પ્લાન્ટેશન કરાશે. જેમાં માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં લીલી અને વડાલીયા વેલ સહીતના રોપાઓની વાવણી કરાશે જેના લીધે વાઈબ્રન્ટ સમિટ પુર્વે આ માર્ગ પર પીળા તેમજ સફેદ રંગના ફુલો નિખરશે. જયારે આ રોપાઓ દોઢ ફુટ સુધીના જ હોવાથી માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ અડચણરૂપ થશે નહીં તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. વધુમાં આ માર્ગ પર થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ સફાઈ અને રોડ સાઈટના જંકશનને પણ વધુ આકર્ષક બનાવવા માટે પણ કામ હાથ ધરાશે. એસ જી હાઈવે સાથે જોડાયેલા આ માર્ગ પર વૈષ્ણોદેવી જંકશન સુધી સુશોભનને લગતી કામગીરી હાથ ધરાશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી આ કામગીરી ટુંકમાં જ શરૂ કરી દેવાશે. વાઈબ્રન્ટના આડે હવે એક મહીના જેટલો જ સમય રહી ગયો હોવાથી તંત્રએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. વાઈબ્રન્ટમાં દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનતા હોવાથી સુશોભન મામલે પણ કોઈ કચાશ રાખવામાં આવતી નથી. શહેર ઉપરાંત કોબા વૈષ્ણોદેવી માર્ગ પર બ્યુટીફીકેશન માટે પણ આયોજન કરાયુ છે.

# એસજી હાઈવેને સિકસલેન કરવાના પ્રોજેકટ આડે હજુ વનવિભાગનો અવરોધ

**જોખમાતી માર્ગ સલામતી વચ્ચે એસ જી હાઇવેના સિક્સલેન પ્રોજેક્ટને વનવિભાગનુ ગ્રહણ : થોડા સમય અગાઉ પણ યુગલે જીવ ગુમાવ્યો હતો : સરગાસણથી વૈષ્ણોદેવી રૂટમાં હજુ વૃક્ષો દુર કરવા વિભાગે મંજુરી ન આપતા પ્રોજેક્ટનુ કામ મંદગતિએ**

ગાંધીનગર તા ૩૦

ચિલોડા સરખેજ રૂટને સિક્સલેન બનાવાની યોજના અન્વયે કામગીરી શરૂ કરી દેવાઈ છે. જયારે સરગાસણ થી વૈષ્ણોદેવી રૂટમાં વૃક્ષોને દુર કરવાના મામલે મંજુરી ન મળતા પ્રોજેકટનુ કામ પણ મંદ ગતિએ ચાલી રહ્યુ છે. થોડા સમય અગાઉ પણ આ માર્ગ પર અકસ્માતમાં યુગલનુ મોત નિપજયુ હતુ ત્યારે એસ જી હાઈવે પર રોડ સેફટીને ધ્યાને લઈ ઝડપથી આ કામગીરી પુર્ણ કરવામાં આવે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

ચિલોડા સરખેજ હાઈવેને સિક્સલેન બનાવાનુ કામ હાથ ધરાયુ છે.પરંતુ હાલ આ કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. એકબાજુ આ માર્ગ પર સેંકડો વાહનોની અવરજવર વચ્ચે રોડ સેફટીના નામે મીંડુ ચિતરાયેલુ છે. ત્યારે વૃક્ષ છેદનના મામલે પણ આ પ્રોજેકટની કામગીરી મંથર ગતિએ ચાલી રહી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. થોડા સમય અગાઉ પણ આ માર્ગ પર અકસ્માતના લીધે એક યુગલ મોતને ભેટયુ હતુ. દિન પ્રતિદિન આ રૂટમાં ટ્રાફિકનુ ભારણ વધી રહ્યુ છે. જયારે માર્ગ અપગ્રેડ કરવાની યોજના આખરે મંજુર થયા બાદ હજુ વન વિભાગનુ ગ્રહણ ન હટતા કામગીરી ઝડપથી થઈ શકતી નથી. વૈષ્ણોદેવી મંદિર પાસે બ્રિજનુ કામ પણ ઝડપથી પુર્ણ કરવાની અનિવાર્યતા છે. પરંતુ હજુ સુધી સરગાસણથી વૈષ્ણોદેવી

**રૂટમાં વધતા ટ્રાફિકના ભારણ સામે રોડ સેફટીના નામે મીંડુ**

● અનુસંધાન પાન-૭ પર

# શેષની આવક ૮ વર્ષની મેળવવા માટે પંચાયતની સામાન્ય સભામાં પ્રસ્તાવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં લોકલ ફંડ શેષ, રૂપાંતર કર અને શિક્ષણ ઉપકરની આવકમાંથી ગત ૮ વર્ષનો હિસ્સો મેળવવા માટેની દરખાસ્ત તૈયાર કરી રાજ્ય સરકારને મોકલી આપવા માટે સામાન્ય સભાએ પ્રસ્તાવ પસાર કરતાં તંત્ર તે તૈયાર કરવામાં વ્યસ્ત બન્યુ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૦થી આ આવકમાંથી હિસ્સો પંચાયતને આપવામાં આવે છે જે જિલ્લા પંચાયતના સ્વભંડોળ ખાતે જમા થતો હોય છે. જિલ્લામાં આ આવક મળે તો કરોડથી પણ વધુની આવક થવાના સંજોગો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આવકના સ્ત્રોતો મર્યાદિત હોવાથી આ દરખાસ્ત ઝડપથી તૈયાર કરવામાં આવે અને સરકાર પાસેથી ઝડપથી નાણાં ઉપલબ્ધ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા ડીડીઓને સત્તા પણ આપવામાં આવી છે.

જિલ્લામાં લોકલફંડ શેષ, મહેસુલી રૂપાંતરકર અને શિક્ષણ ઉપકરની વસુલાતના લક્ષ્યાંક પણ સિદ્ધ થતા નથી અને તેની જિલ્લા વિકાસ અધિકારીએ ગંભીર નોંધ લઈ આવક વધે તે માટે અગાઉ તાલુકા વિકાસ અધિકારીઓને પણ કડક તાકીદ કરી હતી જે નોંધનીય છે. ગાંધીનગર જિલ્લામાં પંચાયતની આવકના સ્ત્રોતો મર્યાદિત બન્યા છે. અહિ આ ત્રણેય કરની આવક ૪૦ થી ૪૫ ટકા જ વસુલ થઈ રહી હોવાથી જિલ્લા વિકાસ અધિકારીએ અધિકારીઓની બેઠકમાં સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી તે પણ નોંધનીય છે. જિલ્લા પંચાયતની આ મહિને મળેલ સામાન્ય સભાએ ૮ વર્ષથી આ આવકમાં હિસ્સો મેળવવા માટેની દરરખાસ્ત તાત્કાલિક તૈયાર થાય અને તે સરકારને મોકલી આપવાનો પ્રસ્તાવ પ્રમુખ સ્થાનેથી લેવાયો હતો તે પણ નોંધનીય છે.


www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE — apollo go the distance — એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા — CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com